

# કેનેડા ડાયરી

ઉત્પલ ભટ્ટ

## પાટલીબદલુ

કેનેડાના રાજકારણમાં આજકાલ 'પાટલીબદલુ પ્રકરણ'થી હોહા મચી ગઈ છે. વાત એવી બની છે કે કેનેડામાં અત્યારે લિબરલ પાર્ટીની લઘુમતી કેન્દ્ર સરકાર છે. એન.ડી.પી. નામનો નાનકડો પક્ષ તેને બહારથી ટેકો આપી રહ્યો છે અને માત્ર એક મતની બહુમતીથી આ સરકાર દિવસો ખેંચી રહી છે. થોડા સમય પહેલાં લિબરલ પાર્ટી સામે મોટા પાયે ભ્રષ્ટાચારના આરોપો થયા અને તેની તપાસ કરવા સરકારે જસ્ટિસ ગોમેરી પંચ નિમ્યું આ પંચની તપાસમાં લિબરલ પાર્ટી સામેના ભ્રષ્ટાચારના આરોપો સાબિત થઈ રહ્યા છે. એટલે મુખ્ય વિરોધ પક્ષ ટોરી પાર્ટી અને બ્લોક કુબેક્વા નામની કુબેક (ઘણા ક્યુબેક પણ કહે છે) રાજયની પ્રાંતીય પાર્ટીએ સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરી. ટોરી પાર્ટીના ઉપનેતા તરીકે બેલિન્ડા સ્ટ્રોનેક નામના જાજરમાન સન્નારી હતા. એમને તો પક્ષના નેતા બનવાના ઘણા અભરખા હતા. પરંતુ ઘણા પ્રયત્નો કરવા છતાં એમાં સફળતા મળી નહોતી. આ બેલિન્ડાબહેન પાછા રંગીલા સ્વભાવના બિલ ક્લિન્ટનના ખાસ મિત્રાણી થાય! આ બેલિન્ડા સ્ટ્રોનેકના પિતાશ્રી કેનેડામાં 'મેગ્ના ઇન્ડસ્ટ્રીઝ' નામની ધરખમ નફો કરતી બહુરાષ્ટ્રિય ઓટોમોબાઈલ કંપનીના અબજોપતિ (ડોલરમાં) માલિક છે અને બેલિન્ડા એમાં સી.ઇ.ઓ.નો હોદ્દો ધરાવે છે. (એ વળી જુદી વાત છે કે કેનેડા એટલે સ્વર્ગનું પ્રવેશદ્વાર એવું માનીને આવેલા ઘણા ગુજરાતીઓ કશેય સારી નોકરી નહિ મળવાને કારણએ નાછૂટકે આ કંપનીમાં શરીર તૂટી જાય તેવી કાળી મજૂરી કરે છે.) ટોરી પાર્ટીએ દાખલ કરેલી અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈને લિબરલ પાર્ટીની સરકાર પડી જશે એવું લગભગ નક્કી જ હતું ત્યારે જ બેલિન્ડા સ્ટ્રોનેકમાં આપણા પાટલીબદલુ ભારતીય નેતાઓ પૈકીના એકનો આત્મા પ્રવેશ્યો! અવિશ્વાસની દરખાસ્તના આગલા દિવસે બપોરે પ્રધાનમંત્રીશ્રી પોલ માર્ટિન સાથેની પ્રેસ કોન્ફરન્સમાં બેલિન્ડા સ્ટોરનેકે જાહેર કર્યું કે 'આત્માના અવાજને અનુસરીને અને દેશને માથે નવી ચૂંટણીઓ ન આવી પડે તે માટે હું તાત્કાલિક અસરથી લિબરલ પાર્ટીમાં જોડાઉં છું.' આ રીતે આત્માના અવાજને અનુસરવાને લીધે એમને રાતોરાત કેબિનેટ કક્ષાના હ્યુમન રિસોર્સ મિનિસ્ટર બનવા મળ્યું એ નફામાં. બેલિન્ડા સ્ટ્રોનેકના આ આત્માના અવાજે એમને મિનિસ્ટર બનાવી દીધા અને હાલ પૂરતી તો પોલ માર્ટિનની લઘુમતી સરકાર એક મતથી બચી ગઈ. 'આવું થઈ જ કેવી રીતે શકે?' એ પ્રશ્ન ઊભો કરીને અહીંના અખબારો-સામયિકો-ટીવીવાળાઓએ નાહકનું બૂમરાણ મચાવી મૂક્યું છે. બેલિન્ડા જે વિસ્તારમાંથી એમ.પી. તરીકે ચૂંટાયા છે ત્યાંના મતદારોએ આનો વિરોધ પણ કર્યો. એ બધા આને કેનેડાના રાજકારણનું નૈતિક અવમૂલ્યન ગણવા લાગ્યા છે. કેનેડામાં આવું વારંવાર બનતું ન હોવાને કારણે પક્ષપલટાવિરોધી કાયદો પણ નથી. આ બધો ખેલ જોઈને બિનનિવાસી ભારતીયો રોજ મૂછમાં હસે છે. ઓફિસમાં ગોરાઓ આ વાતની ચર્ચા કરે ત્યારે ભા.જ.પ.ની તત્કાલિન સરકારે ખૂબ જહેમતથી ઊભી કરેલી 'ઇન્ડિયા શાઇનિંગ'ની આબરૂ જાળવવા મોભમમાં માથું હલાવ્યા કરવું પડે, બાકી અંદરથી તો એવું કહેવાનું ઘણું મન થાય કે અમારા રાજકારણીઓ આવા આત્માના અવાજને અનુસરીને પાટલી બદલવાના અને ઘર ભરવાના આધ્યાત્મિક લેવલે ક્યારનાય પહોંચી ગયા છે! ડર એ વાતનો છે કે આ બધું જાણીને ગુજરાતના અસંતુષ્ટ ધારાસભ્યો મિનિસ્ટર બનવા માટે હિન્દુહૃદયસમ્રાટને માટે નવેસરથી તકલીફો ઊભી ન કરે! નહિતર શ્રી માધવસિંહ સોલંકીના સમયમાં હતું તેવું આખી બસ ભરાય તેટલું મંત્રીમંડળ જોવાના દિવસો ફરીથી આવશે.



## ચિયર્સ

દારૂબંધી માટે જાણીતા ગુજરાતથી કેનેડા આવેલ મોટાભાગના ગુજરાતીઓએ દારૂ પીવાની ટેવ ('કુટેવ' તો વેદિયા લોકોએ આપેલ નામ છે!) જાળવી રાખી છે. જેમને આ રીતે 'ભીના' થવાની ટેવ નહોતી તેમણે અહીંયા આવીને એ ટેવ 'વિકસાવી' છે. સુધરેલ સમાજ એને 'ટેસ્ટ ક્રિએટ' એમ કહે છે! કેનેડા આવીને દારૂ પીવો પડે તેના ઘણાં કારણો છે. કેટલાકના મતે કેનેડા આવીને 'ડ્રિંક્સ' ન લઈએ તો 'દેશી'માં ખપી જવાય! વળી અહીયાં શિયાળા દરમ્યાન શૂન્યની નીચે માઈનસ ૩૦ ડિગ્રી સેલ્શિયસ સુધી તાપમાન નીચું થઈ જાય તેવી કાતિલ ઠંડી પણ ખરી. આટલી કાતિલ ઠંડીમાં દારૂ ન પીઓ તો જીવી જ કેમ શકાય? 'દારૂ પીવો' એવો શબ્દપ્રયોગ કરીએ તો દેશી દારૂ પીધો છે તેવો અર્થ નીકળે એટલે એના બદલે 'ડ્રિંક્સ લીધું' એમ કહીએ તો સામાજિક મોભો પણ જળવાઈ રહે! લાગતા વળગતાને એમ જણાવવાનું કે દારૂ તો દેશીઓ પીએ, અમે તો કેનેડામાં રહીએ એટલે ડ્રિંક્સ જ લઈએ! અધૂરામાં પૂરું કેનેડિયન સરકારે દારૂના ભાવો ખૂબ ઓછા રાખ્યા છે એટલે પીનારા ઝાલ્યા રહે ખરા? પીનારા માટે સૌથી વધુ આનંદની વાત તો એ છે કે પીવા માટે કોઈકનો ખાલી ફ્લેટ, કોઇક પોળના ઘરની અગાસી કે એવા અવાવરૂ સ્થળ શોધવા નથી પડતા. સ્ટીલના ગ્લાસમાં પીવાની ઝંઝટ પણ નહિ! કેટલાક તો એ આઘાતમાંથી બહાર જ નથી આવી શકતા કે તેઓ જાહેરમાં કોઈનીયે બીક રાખ્યા વિના 'પી' શકે છે! નશાબંધી ખાતાનો દરોડો પડવાની કોઈ ફિકર જ નહિ! પીનારાની સંખ્યા મોટી હોવાથી કોઈક 'બેવડો' કહી જાય તેવી બીક પણ નહિ! ચોરીછૂપીથી પીવાની જૂની ટેવને કારણે બાટલી ખરીદીને ઘેર જતાં રસ્તામાં જાણીતું કોઇક સામું મળી જાય તો એક ક્ષણ તો અચકાઈ જ જાય ને પ્રત્યાઘાત રૂપે વણમાગ્યો ખુલાસો પણ આપી દે કે હમણાંથી રેગ્યુલર 'જીમ'માં જવાતું નથી ને શિયાળામાં રેડ વાઈન પાચનમાં પણ સારો રહે છે! બાકી આમ મે ટેવ નથી!!' રાજસ્થાનથી આવતો ભેળસેળિયો 'વિદેશી દારૂ' પીધો હોય તેને માટે અહીયા મોટામાં મોટો ફાયદો 'ચોક્ખા માલ'નો છે. ડિસેમ્બરનો આખો મહિનો ક્રિસ્મસની પાર્ટીના નામે દારૂ પીનારાય ઘણા છે. આ વાંચીને ગુજરાતના સાહસિકોને મદ્યપાન બાબતે કેનેડાવાસી ગુજરાતીઓની ઈર્ષ્યા આવે તે સ્વાભાવિક છે.